ગાંધીનગર સમાચાર
તા. ૩-૧૦-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### રાક્ષસી વૃત્તિ પરના વિજયનું પર્વ

નવરાત્રીની લગોલગ આવતું વિજયાદશમીનું પર્વ એ આપણી આધ્યાત્મિક ચેતનાની જાગૃતિનો ઉત્સવ છે. માયાનાં આવરણ ભેદીને માનવીનું દશમું દ્વાર ઊઘડે તે સાચી વિજયાદશમી. રાવણ માયાવી રાક્ષસરાજ છે. પુલત્સ્ય ઋષિનો પુત્ર હોવા છતાં એ સત્ત્વ ગુણથી જોજનો દૂર થઈ પડ્યો છે. એનું અભિમાન ઉદાહરણરૂપ બની ગયું છે. જગતમાં ભાગ્યે જ રાવણ જેટલો અભિમાની પુરૂષ પાક્યો હશે. એ જ્ઞાની છે પરંતુ અભિમાની હોવાને કારણે એનું જ્ઞાન એને સાચા રસ્તે દોરી શકતું નથી. એણે તપશ્ચર્યા કરીને કૈલાસ ડોલાવ્યો છે. શિવજી પાસેથી લગભઘ અમરતા જેવું જ વરદાન મેળવી લીધું છે અને લંકાને સોનાની નગરી બનાવી દઈ આખી દુનિયામાં વૈભવી સમ્રાટ તરીકેની ખ્યાતિ અર્જિત કરી ચૂક્યો છે. મંદોદરી જેવી સતી નારીનો પતિ છે અને કુંભકર્ણ જેવા મહારથી તથા વિભીષણ જેવા સાત્ત્વિક - વિચારશીલ ભાઈઓ ઉપરાંત ઇંદ્રજિત જેવો પરાક્રમી પુત્ર ધરાવે છે. એની પાસે શું નહોતું? જો ઠંડા કલેજે વિચારે તો એની પાસે ઇંદ્રને પણ ઝાંખો પાડે એવી સંપત્તિ હતી. નહોતો માત્ર વિવેક. શાસ્ત્રકાર કહે છે : વિવેકભ્રષ્ટાનાં ભવતિ વિનિપાતઃ શતમુખઃ! રાવણને એની વિલાસવૃત્તિ ધરાવતી બહેને ઉશ્કેર્યા અને એ સીતાનું છદ્મવેશે હરણ કરી આવીને જ જંપ્યો. સીતા એ જગજનનીનો અવતાર. પરંતુ રાવણની આંખે પાપનાં પડળ જામ્યાં હોય ત્યાં એને એ શી રીતે ઓળખી શકે? અનેક પ્રકારના સમાધાનના પ્રયાસો નિષ્ફળ જતાં રામને રાવણનો સંહાર કરવો પડ્યો છે. રાવણને મારીને ખરેખર તો રામે એના અભિમાન સહિતના દસ દુર્ગુણો રૂપી દસ માથાં જ વધેર્યા છે. વિદ્વાન રાવણ વિશેનું એમનું માન અંતપર્યંત અકબંધ રહ્યું છે. રાવણ વિજય કે લંકાવિજયના આ પર્વને સમગ્ર ભારતવર્ષ વિજયાદશમી તરીકે ઊજવે છે. ઠેરઠેર રાવણ દહનના કાર્યક્રમો યોજાય છે. દશેરા દરેક રાજયમાં ઊજવાય છે પણ મૈસૂરના દશેરાં ત્યાંનો રાજયોત્સવ બની રહેલ છે. એ જ રીતે કુલુમનાલીના દશેરા પણ પ્રખ્યાત છે. વનવાસ દરમિયાન પાંડવોએ શમીવૃક્ષના થડમાં છુપાવેલાં શસ્ત્રો દશેરાના દિવસે પરત લઈ એમનું પૂજન કરેલું, એથી આ શસ્ત્ર પૂજાનો અને અશ્વ પૂજાનો ઉત્સવ પણ બની ગયો. આપણા દરેક તહેવાર પાછળ એક ભવ્ય ઈતિહાસ કે પુરાણ પ્રસંગ છુપાયેલો છે. માતાજીએ મહિસાષુરનો વધ કર્યો એના આનંદમાં પણ ઉત્સવ શરૂ થયો હોય, તે બનવાજોગ. પરંતુ મૂળે આ આસુરી વૃત્તિ ઉપરના વિજયની ઉજવણીનું પર્વ છે. દશેરા એ વરસમાં આવતાં જૂજ વણજોયાં મુહૂર્તો પૈકીનું શ્રેષ્ઠ મુર્હૂત ગણાય છે. શુભ કાર્યની શરૂઆત માટે દશેરાથી ઉત્તમ દિવસ બીજો કયો હોઈ શકે? અક્ષય તૃતીયા (અખાત્રીજ, ધનતેરશ કે લાભ પાંચમ જેવો જ એ 'નરવો' ઉપરાંત 'વિજય પર્વ' હોવાને નાતે 'ગરવો' દિવસ છે. દશેરા એટલે રામની સાથે જ રાવણનું અને પાંડવોની સાથે જ કૌરવોનું સ્મરણ કરાવતું પર્વ. શું પસંદ કરવું તે આપણે નક્કી કરવાનું છે. શિરડીના સાંઈબાબાએ દશેરાના દિવસે મહાસમાધિ લીધેલી, તે વળી વધુ એક શુભત્વનો પર્યાય! સૌને દશેરાની 'ફાફડા-જલેબી' મુબારક!

## ખોટા દંભ છોડી સાદગીભર્યુ જીવન જીવવુ જોઈએ





## સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૨

સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. પૂ. બાપુના જીવન-કવન વિશે વક્તવ્ય વિદ્યાર્થી દ્વારા આપવામાં આવ્યું હતું. શાળા સંકુલમાં સફાઈ કરવામાં આવી હતી.

સમગ્ર દેશમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મ દિવસે આજે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. પૂજ્ય બાપુના સંદેશ સ્વચ્છતા ત્યા પ્રભુતાને ભારત સરકારે વણી લીધો છે. અને દેશમાંથી ગંદકીનું નામો નિશાન દૂર કરવા માટે સ્વચ્છ ભારત અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

પાટનગરના સેક્ટર-૮ની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. બાપુનુ પ્રિય ભજન વૈષ્ણ વજનતો તેને રે કહીએ દ્વારા બાપુને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થી નિત્યમે પૂજ્ય બાપુની જીવનશૈલી વિશે વક્તવ્ય આપી ઉપસ્થિત લોકોને સંદેશો પાઠવ્યો છે.

ગાંધીજીના વિચારોને આપણે આપણા રોજીંદા જીવનમાં ઉતારવા જોઈએ.ખોટા દંભ છોડી સાદગીભર્યુ જીવન જીવવુ જોઈએ અને આપણે દેશને ઉપયોગી થવુ જોઈએ તેમ જણાવ્યું હતું. ત્યારબાદ સમગ્ર સંકુલ અને શાળાના તમામ ઓરડા, કબાટ સહિત સફાઈ હાથ ધરવામાં આવી હતી. નિબંધ લેખન અને પોસ્ટર મેકીંગ હરીફાઈ યોજવામાં આવી હતી.

## નાથીબા કોલેજ સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ

ગાંધીનગર, તા. ૨

ભારત સરકાર તથા ગુજરાત સરકાર પ્રેરિત મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગાંધીનગરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં તા. ૨-૧૦-૨૦૧૪ ના રોજ સ્વચ્છ ભારત અભિયાન સપ્તાહનો સમાપન કાર્યક્રમ યોજાયો હતો.

આચાર્યાશ્રી ડૉ. અમૃતાબહેન પટેલ તથા એનએસએસ પ્રોગ્રામ ઓફિસર પ્રા. ભારતીબહેન દલવાડીના માર્ગદર્શનમાં રચાયેલી સ્વચ્છતા સમિતિ, શૈક્ષણિક સ્ટાફ, વહીવટી કર્મચારીઓ, સેવકગણ તથા વિદ્યાર્થીનીઓએ સ્વચ્છ ભારતના શપથ ગ્રહણ કર્યા હતા. કાર્યક્રમના આરંભએ ઉપસ્થિત સર્વેએ સર્વધર્મ પ્રાર્થના કરી. પ્રા. ભારતીબહેન દલવાડીએ મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાનની ભૂમિકા સ્પષ્ટ કરી તથા પ્રતિજ્ઞા વાંચન કરાવ્યું હતું અને આચાર્યાની પ્રેરક ઉપસ્થિતિમાં મહાત્મા ગાંધીને પ્રિય એવા નરસિંહ મહેતાના ભજન વૈષ્ણવજન...નું સમૂહગાન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમમાં એન.એસ.એસ., એન.સી.સી. સ્પોર્ટસ, વિદ્યાર્થીની પ્રતિનિધિ મંડળ, કોલેજની અન્ય વિદ્યાર્થીનીઓ તથા સંસ્થાના સમગ્ર સ્ટાફે સ્વચ્છ ભારત અભિયાનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## બ્રહ્મસમાજ મહિલા પાંખે ફરતા ગરબા સ્પર્ધા યોજી : મોટી સંખ્યામાં બહેનો જોડાઈ

ગાંધીનગર, તા. ૨

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ફરતા ગરબા સ્પર્ધા યોજવામાં આવ્યા હતા. બ્રહ્મભવન સેક્ટર-૧૬ ખાતે મુખ્ય મહેમાન અરુણભાઈ બુચના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

ગાંધીનગરના સેક્ટર-૧૬માં આવેલ બ્રહ્મભવન ખાતે મહિલા પાંખ દ્વારા નવરાત્રી નિમિત્તે ફરતા ગરબા યોજવામાં આવ્યા હતા. જેમાં ગાયત્રી ઉપાસક નીતાબેન ભટ્ટ, અતિથિ વિશેષ તરીકે ભાવનાબેન પાઠક, મનીષાબેન ત્રિવેદી ઉર્મિલાબેન ભટ્ટ, આર.એલ. ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા.

બ્રહ્મભવનના ચોકમાં મોટી સંખ્યામાં મહિલાઓ જોડાઈ હતી. અલગ અલગ વય જૂથ પ્રમાણે ગરબા યોજવામાં આવ્યા હતા. સ્પર્ધામાં વય જૂથ પ્રમાણે શ્રેષ્ઠ ખેલૈયા બહેનોને ઈનામ આપવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે સંદીપ જોષી, પ્રેમલભાઈ દવે અન હેમંત દવેએ ભૂમિકા ભજવી હતી. સ્પર્ધામાં વય જૂથ પ્રમાણે ઈનામ આપવામાં આવ્યા હતા. જેમાં વય જૂથ-૧ (૫-૧૦ વર્ષ)માં શીતલ વ્યાસ, હીરવા ત્રિવેદી, હેતવા ત્રિવેદી અને કેનીસા રાજગુરુને ઈનામ મળ્યા હતા. વય જૂથ-૨ (૧૧-૨૫ વર્ષ)માં નૈસર્ગી જોષી, મસ્તી ત્રિવેદી, સીમરન ઉપાધ્યાય અને હીરણમય પંડયાને ઈનામ મળ્યા હતા. વય જૂથ-૩ (૨૬-૪૦ વર્ષ)માં અદીતિ ત્રિવેદી, નિરાલી જોષી, મનીષા ત્રિવેદી, સુરભિ ત્રિવેદીને ઈનામ મળ્યા હતા. વય જૂથ-૪ (૪૧-૫૫ વર્ષ)માં જયશ્રી જોષી, રેખા ભટ્ટ, આશા પંડયા અને પારુલબેન ત્રિવેદીને ઈનામ મળ્યા હતા. વય જુથ-૫ (૫૯ થી ઉપરના)માં ઉર્મિલાબેન ભટ્ટ, કુસુમ ભટ્ટ, ગાર્ગીશુકલ અને કુસુમબેન પંડયાને ઈનામ મળ્યા હતા જયારે સંસ્થાના કમિટી મેમ્બરોમાં નીશાબેન જોષી, જયશ્રીબેન ભટ્ટ, ભારતીબેન જોષી, જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય વિજેતા થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. અંજના ગોર અને જયશ્રીબેન ખેતીયાએ કર્યુંહતું. સંસ્થાના મહામંત્રી શ્રીમતી જ્ઞાનદેવી બેન ઉપાધ્યાયે આભાર વ્યકત કર્યો હતો. કારોબારીની બહેનોએ ભારે જહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



## આજે ઉનાવામાં ખેલાશે અગનખેલ

ગાંધીનગર, તા. ૨

દર વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગર જિલ્લાના ઉનાવા ખાતે નવરાત્રીના નવમા નોરતે ગામના ઠાકોર યુવાનો સવાસો મણલાકડા, ગુગળ અને ઘીથી પ્રગટાવેલા ધગધગતા હવનકુંડમાં કુદી પડીને 'અગનખેલ' ખેલશે. આ અગનખેલની પ્રથા ખૂબ જ પ્રાચીન સમયથી ચાલી આવે છે. નવરાત્રીના છેલ્લા નોરતે ઉનાવામાં બબ્બે કિલોમીટરની લાંબી લાઈનમાં લાખો ભકતો શિસ્તબદ્ધ રીતે ગરબે ઘુમે છે.

પ્રાચીન પરંપરા મુજબ સાડા સાતસો વર્ષ પૂર્વે કાંગડા પ્રદેશ એટલે આજના હરિયાણામાંથી ઉનાવા (બ્રહ્મપુરી)ના બેચરનાગરના પૂર્વજોએ લાવેલા જવાલામાતાના અગ્નિમાં પશુનો બલિ ચઢાવવાની પ્રથાનો અંત આણ્યો હતો. ભગવાન સ્વામિનારાયણની હાજરીમાં તેમણે પશુના બદલે નાળિયેર હોમતા ધર્માંધ વડીલોએ ઠપકો આપ્યો હતો જેથી બેચર નાગરે પોતની જાતને હવનકુંડમાં સમર્પિત કરી દીધી હતી. આ સમયે ત્યાં હાજર ઠાકોર બેચર નાગરને હવનકુંડમાંથી જીવના જોખમે બહાર ખેંચી લાવ્યા હતા. આથી ભગવાન સ્વામિનારાયણે દર વર્ષે ઠાકોરો અને ક્ષત્રિયો અગ્નિમાં પડે અને નાગરો તેમને બચાવી લાવે તેવી પ્રથાનો પ્રારંભ કરાવ્યો હતો. ત્યારથી આ પ્રથા ચાલી રહી છે. આ અગનખેલને જોવા નવરાત્રીના આખરી નોરતે લાખો લોકો ઉનાવામાં પધારે છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં પાકિસ્તાન દ્વારા ભારતને કયો દરજ્જો અપાયો છે ?
→ **મોસ્ટ ફેવર્ડ નેશન**
૨. ૨૦૧૩માં ઓસ્ટ્રેલિયાના લેબર પાર્ટીના કેવિન રૂડને પરાજય આપી ટોની એબોર્ટ ઓસ્ટ્રલિયાના વડાપ્રધાન બન્યા છે તે કયાં પક્ષમાંથી ચુંટાયા હતા ?
→ **લિબરલ નેશનલ ચુટી**
૩. વર્ષ ૨૦૧૩માં ન્યુઝીલેન્ડમાં ગીત ગાનારા પક્ષીઓની કઈ પ્રજાતિ મળી આવી છે ?
→ **મોહોઉડાએ**
૪. ૨૦૧૩માં વિકટોરીયા એન્ઝરેન્કાને હરાવી કારકિર્દીનું ૧૭મું ગ્રાન્ડ સ્લેમ જીતનાર કઈ ખેલાડી યુ.એસ.ઓપનમાં ચેમ્પિયન બની હતી ?
→ **સેરેના વિલિયમ્સ**
૫. ૨૦૧૩માં IAAF વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ કયાં યોજાઈ હતી ?
→ **મોસ્કો**
૬. વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં આઠ ગોલ્ડ મેડલ મેળવનાર ઉસૈન બોલ્ટ કયા દેશનો વતની છે ?
→ **જમૈકા (વેસ્ટ ઇન્ડિઝ)**
૭. ૨૦૧૩નાં સ્વતંત્રતા દિન નિમિત્તે અમેરિકામાં યોજાયેલ ભારતીયોની પરેડમાં કઈ ભારતીય અભિનેત્રીએ ભાગ લીધો હતો ?
→ **વિદ્યા બાલન**
૮. હાલ દુનિયાની સૌથી મોટી મુવી સ્ક્રીન કઈ છે અને કયા દેશમાં આવેલી છે ?
→ **સિડની આઇમેક્સ (જાપાન)**
૯. મિસ વર્લ્ડ ૨૦૧૩ સ્પર્ધા કયાં યોજાઈ હતી ?
→ **ઇન્ડોનેશિયા**
૧૦. મિસ વર્લ્ડ ૨૦૧૩ સ્પર્ધા ઈન્ડોનેશિયાના કયા સ્થળે યોજાઈ હતી ?
→ **બાલી ટાપુ**
૧૧. ૨૦૧૩માં IAAF વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ કયાં યોજાઈ હતી ?
→ **મોસ્કો**
૧૨. વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં આઠ ગોલ્ડ મેડલ મેળવનાર ઉસૈન બોલ્ટ કયા દેશનો વતની છે ?
→ **જમૈકા (વેસ્ટ ઇન્ડિઝ)**
૧૩. ૨૦૧૩નાં સ્વતંત્રતા દિન નિમિત્તે અમેરિકામાં યોજાયેલ ભારતીયોની પરેડમાં કઈ ભારતીય અભિનેત્રીએ ભાગ લીધો હતો ?
→ **વિદ્યા બાલન**
૧૪. હાલ દુનિયાની સૌથી મોટી મુવી સ્ક્રીન કઈ છે અને કયા દેશમાં આવેલી છે ?
→ **સિડની આઇમેક્સ (જાપાન)**
૧૫. ૨૦૧૩માં ભારતીય મૂળનાં કયા વ્યક્તિને દક્ષિણ આફ્રિકાની યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમવામાં આવ્યા છે ?
→ **પ્રોફેશર એડમ હબીબ**
૧૬. ૨૦૧૩નું ન્યુ હેવન ઓપનનું ટાઈટલ કોણે જીત્યું હતું ?
→ **સાનિયા મિર્ઝા - જેઇ જેન્ગ**
૧૭. ૨૦૧૩માં વિશ્વનાં કયા દેશમાં વિકરાળ ધૂળનાં તોફાનો આવ્યા હતા ?
→ **અમેરિકા (ફિનીક્સ)**
૧૮. યુ.એસ.ઓપન ગ્રાન્ડસ્લેમ મેન્સ સિંગલમાં કોણ જીત્યું હતું ?
→ **રફેલ નડાલ**
૧૯. વર્ષ ૧૯૬૫માં ડોલ્બી સાઉન્ડના કયાં શોધકનું તાજેતરમાં નિધન થવા પામ્યું હતું ?
→ **રે ડોલ્બી**
૨૦. વર્ષ ૨૦૧૩માં લંડનમાં બ્રિટન હાઉસ ઓફ કોમર્સના સાંસદ જૉન બાર્કા દ્વારા અમિતાભ બચ્ચનને કયો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો ?
→ **ગ્લોબલ ડાયવર્સિટી એવોર્ડ-૨૦૧૩**

## જનસંઘના સંસ્થાપક પંડિત દીનદયાળ ઉપાધ્યાયની હત્યાનું વણઉકલ્યું રહસ્ય : ડૉ. હરિ દેસાઈ

'મને બીજા બે દીનદયાળ મળે તો હું આ દેશની શકલ બદલી નાંખું' એવું જ્યારે ભારતીય જનતા પક્ષના પૂર્વ અવતાર જનસંઘના સંસ્થાપક અધ્યક્ષ અને



હિંદુ મહાસભાના પણ અધ્યક્ષ રહેલા ડૉ.શ્યામાપ્રસાદ મુખરજીએ કહ્યું ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના પ્રચારક અને જનસંઘના સંસ્થાપક મહામંત્રી પંડિત દીનદયાળ ઉપાધ્યાયની સંગઠનબાંધણીની ક્ષમતાનો અંદાજ આવ્યા વિના રહેતો નથી. ૧૯૫૧માં અખિલ ભારતીય જનસંઘની સ્થાપનાથી તેના મહામંત્રી રહેલા અને છેક ૧૯૬૭માં એ પક્ષના અધ્યક્ષપદે આરૂઢ થયેલા દીનદયાળનું નામ આજનો ભારતીય જનતા પક્ષ વિધિવિધાન માટે લે છે, એમના એકાત્મ માનવવાદ (ઈન્ટિગ્રલ હ્યુમનિઝમ)ને સ્મરે છે અને હવે તો જનસંઘના આધુનિક અવતાર ભાજપની કેન્દ્ર અને રાજ્યોમાં સરકારો હોવાથી તેમના નામે 'અંત્યોદય યોજના'નાં અમલીકરણ પણ થવા માંડ્યાં છે. જે વાત વિસારે પડી છે એ છે જનસંઘની બેઠકોમાં ચટ્ટાઈ પાથરનાર પંડિત દીનદયાળની સાદગીની. હવે બધે આઉટસોર્સીંગ અને કૉર્પોરેટ કલ્ચરની ઝાકમઝોળનું જ વાતાવરણ છે.

૨૫ સપ્ટેમ્બર ૧૯૧૬ના રોજ જન્મેલા દીનદયાળની જન્મજયંતીની ઉજવણી હવે દબદબાભેર થવા માંડી છે. જો કે આ ઉજવણી વચ્ચે પંડિત દીનદયાળ ઉપાધ્યાયનાં પરિવારજનોએ એમની હત્યાના કાવતરાની હજુ વણઉકલી રહેલી વિગતો પરથી પરદો ઊંચકવાની કરેલી માગણી ભાગ્યે જ કોઈના ધ્યાને આવી હશે. જનસંઘના બેઉ સંસ્થાપકો ડૉ.શ્યામાપ્રસાદ મુખરજી અને પંડિત દીનદયાળની છબિયું ભાજપનાં કાર્યાલયો અને કાર્યક્રમોની શોભા બની છે, પરંતુ બેઉ મહામાનવોની હત્યાઓનાં રહસ્યનાં કોકડાં હજુ તેમના પરિવારજનોને સંતોષ થાય એ રીતે ઉકેલાયાં નથી. એટલે જ હવે તો નરેન્દ્ર મોદીની સરકાર સમક્ષ આ રહસ્ય ઉકેલવા માટે ધા નાંખવા પરિવારજનો સજ્જ થયાં છે. અત્યાર લગી તો કૉંગ્રેસને શિરે દોષના ટોપલા સેરવી દેવાતા હતા, પણ હવે તો મોદી સરકારે નીરક્ષીર કરવું રહ્યું.

જયપુરથી પંડિત ઉપાધ્યાયના સગાસંબંધીઓની ત્રિપુટી મધુ શર્મા, બીના શર્મા અને વિનોદ શુક્લાએ કેન્દ્રની સરકાર સમક્ષ રજૂઆત કરવાનો નિર્ણય જાહેર કર્યોછે. ૧૧ ફેબ્રુઆરી ૧૯૬૮ના રોજ પઠાણકોટ-શીલદાહ એક્સપ્રેસમાં મુસાફરી કરી રહેલા તત્કાલીન જનસંઘ-અધ્યક્ષ પંડિત દીનદયાળને કોઈએ ધો દીધો અને એમની લાશ મુગલસરાયના રેલવે યાર્ડમાંથી મળ્યાનું રહસ્ય શોધવા નવેસરથી તપાસ યોજવા પરિવારજનોએ રજૂઆત કરવાની તૈયારી કરી છે. વડાપ્રધાન મોદીને પ્રો.મધોકના આશીર્વાદ પ્રાપ્ત થયેલા છે ત્યારે હવે કેન્દ્ર સરકાર પંડિત દીનદયાળની હત્યાનાં રહસ્ય પ્રકાશમાં લાવે એની અપેક્ષા વધી છે.

હજુ થોડા વખત પહેલાં જ ભાજપના અખિલ ભારતીય મહામંત્રી (સંગઠન) રહેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ પ્રચારક કે.એન. ગોવિંદાચાર્યે દેશનેતાઓની હત્યાઓની વાત કરતાં ૧૯૬૮માં દીનદયાળ ઉપાધ્યાયને ચાલતી ટ્રેને કોઈ અંદરના જ માણસે (ઈનસાઈડરે) ધો માર્યાનો ઉલ્લેખ કરીને હત્યાના રહસ્ય પરથી પડદો ઊંચકવાની અનિવાર્યતા સર્જી છે. રહસ્ય બની રહેનારા જે રાષ્ટ્રનેતાઓનાં મૃત્યુની યાદી ગોવિંદાચાર્યને ટાંકીને 'સન્ડે ગાર્ડિયન'નાં નોરા ચોપડાએ નોંધી છે તેમાં મહાત્મા ગાંધી, શ્યામાપ્રસાદ મુખરજી, દીનદયાળ ઉપાધ્યાય, જયપ્રકાશ નારાયણ અને રામમનોહર લોહિયાનો સમાવેશ કરાયો છે. ગોવિંદાચાર્ય બિહારમાં વિદ્યાર્થી પરિષદની જવાબદારી સંભાળતા હતા અને લોકનાયક જયપ્રકાશ નારાયણના આંદોલન સાથે પણ સંકળાયેલા રહ્યા છે. જે.પી. માટેની તેમની લાગણી સમજી શકાય છે.જૂના જનસંઘ, ભાજપ અને સમાજવાદીઓ વિશેની અંતરિયાળ માહિતી એમને હોવી સ્વાભાવિક છે.



અત્યારે ભારતીય જનતા પાર્ટીમાં પાછા ફરેલા ડૉ. સુબ્રમણિયન સ્વામીએ ૧૯૭૭માં કેન્દ્રમાં જનતા પાર્ટીની મોરારજી દેસાઈ સરકાર બની ત્યારે સત્તારૂઢ પક્ષના સાંસદ તરીકે તત્કાલીન ગૃહમંત્રી ચૌધરી ચરણસિંહ સમક્ષ ડૉ.રામમનોહર લોહિયા અને જયપ્રકાશ નારાયણનાં મૃત્યુ અંગે નવેસરથી તપાસ કરવાના સરકારે કરેલા નિર્ણયની જેમ જ પંડિત દીનદયાળ ઉપાધ્યાયની હત્યાની પણ તપાસ કરાવવાની માગણી કરી હતી. ચૌધરી ચરણસિંહ એ તપાસ માટે તૈયાર હતા, પરંતુ ડૉ.સ્વામીના જ પક્ષ જનસંઘના ક્વૉટાના એ વખતના કેન્દ્રીય મંત્રીઓના કથિત દબાણથી તપાસની માંડવાળ કરાઈ હતી.

પંડિત દીનદયાળ ઉપાધ્યાયની હત્યા કે મૃત્યુની તપાસ વિશેના સીબીઆઈ ખટલાએ એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે પંડિતજીની બેગની ચોરી કરનારા રામ અવધ અને ભરત લાલે પોલીસને જાણ કરાવાના ડરના માર્યા પંડિતજીને ચાલતી ગાડીમાંથી બહાર હડસેલી મૂક્યા હતા. સીબીઆઈએ આ બેઉનું કબૂલાતનામું મેળવીને સીબીઆઈની ખાસ અદાલતમાં ખટલો પણ ચલાવ્યો. ભરતલાલને ચાર વર્ષની સખતકેદની સજા થયા છતાં બેઉ જણ હત્યાના પુરાવાને અભાવે છૂટી ગયા હતા. એ પછી જનતાની માંગણીને પગલે ભારત સરકારે (ઈન્દિરા ગાંધી) સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ યશવંત વિષ્ણુ ચંદ્રચુડની અધ્યક્ષતામાં એક સભ્યનું તપાસ પંચ નિયુક્ત કર્યું અને એ તપાસપંચ પણ સીબીઆઈની તપાસનાં તારણો સાથે સંમત થયું હતું!

જોકે પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતી કે નિર્વાણદિનની ઉજવણી વખતે એમની હત્યાનું રહસ્ય વણઉકલ્યું હોવાની વાત ચર્ચામાં આવતી રહી છે. વર્ષ ૨૦૧૩નો ૧૨ ફેબ્રુઆરીએ મધ્યપ્રદેશના ભાજપી મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને પ્રદેશ ભાજપના અધ્યક્ષ નરેન્દ્રસિંહ તોમરની ઉપસ્થિતિમાં "દેશ ભાજપના મહામંત્રી (સંગઠન) અરવિંદ મેનને દીનદયાળના મૃત્યુ માટે કૉંગ્રેસને જવાબદાર લેખીને વિવાદનો મધપૂડો છંછેડ્યો હતો. વિધાનસભામાં વિપક્ષના નેતા અજયસિંહે વળતો ઘા મારતાં મેનનને હત્યારાનું નામ આપવા જણાવ્યું. એટલું ઓછું હોય એમ સિંહે (અર્જુન સિંહના પુત્ર) તો જનસંઘના અધ્યક્ષ રહેલા પ્રો. બલરાજ મધોકની આત્મકથામાં થયેલાં રહસ્યોદ્ઘાટનો પરથી પરદો ઊંચકતાં ભાજપ-જૂના જનસંઘ અને સંઘના અગ્રણી જ પંડિત દીનદયાળ ઉપાધ્યાયની હત્યામાં સામેલ હોવાની વિસ્ફોટક વાત આગળ ધરી.

ભાજપ અને કૉંગ્રેસ વચ્ચે રાજકીય જુગલબંધી પૂરતી જ આ વાત સીમિત નથી. જનસંઘના સંસ્થાપક મહામંત્રી અને અધ્યક્ષ રહેલા આરએસએસના વરિષ્ઠ પ્રચારકની હત્યા સાથે મામલો સંકળાયેલો હોય ત્યારે પ્રો.બલરાજ મધોકે આત્મકથામાં શું નોંધ્યું છે, નોંધ્યા પછી એમની સામે સંબંધિતોએ માનહાનિનો ખટલો દાખલ કર્યો છે કે કેમ અને છાસવારે 'શ્યુઓ મોટો' ધ્યાને લઈને વડી અદાલતો કે સુપ્રીમ કૉર્ટ તપાસના આદેશ આપતી હોય છે તેવું આ રાષ્ટ્રીય પ્રકરણમાં બન્યું છે કે કેમ એની તપાસમાં અમે લાગ્યા. હકીકતો ચોંકાવનારી છે. પ્રો.બલરાજ મધોક આજે ૯૪ વર્ષની વયે નવી દિલ્હીમાં વસવાટ કરે છે. ભાજપના ગુજરાતી સાંસદ રહેલા ચાના વેપારી શ્રી પ્રફુલ્લ ગોરડિયા આજકાલ પ્રો. મધોકે અસ્સલ ડૉ.સ્વામીની જનતાપાર્ટીની જેમ જ જીવતા રાખેલા જનસંઘના સૂત્રસંચાલક છે. વેબસાઈટ પર પણ પ્રો.મધોક સાથે ગોરડિયા ઝળકે છે. દિલ્હી યુનિવર્સિટીમાં ઇતિહાસના અધ્યાપક રહેલા મધોકે નવેમ્બર ૧૯૪૭માં જમ્મૂ પ્રજા પરિષદ સ્થાપ્યો હતો અને એને જનસંઘમાં વિલીન કર્યો. ૧૯૩૮થી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે રહેલા પ્રો.મધોક ૧૯૪૨માં પૂર્ણકાલીન સ્વયંસેવક હતા. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના પણ સંસ્થાપક રહ્યા અને સંઘના મુખપત્ર 'ઓર્ગેનાઈઝર'ના તંત્રી હતા. બબ્બે વાર લોકસભાના સભ્ય રહ્યા. પ્રો.મધોકના અધ્યક્ષપદ હેઠળ જ જનસંઘને ૧૯૬૭માં લોકસભામાં ૩૩ બેઠકો મળી હતી. આ વર્ષ કૉંગ્રેસી વડાં પ્રધાન ઇંદિરા ગાંધી માટે પડકારનું વર્ષ હતું. જૂના જનસંઘ સાથેની સંયુક્ત વિધાયક દળ સરકારો વિવિધ રાજ્યોમાં રચાયાનો આ યુગ હતો.

વર્ષ ૧૯૯૪માં બલરાજ મધોકની આત્મકથા 'જિન્દગી કા સફર-૧ લદ્દાખ સે દિલ્હી'નું પ્રકાશન નવી દિલ્હીના હિન્દૂ વર્લ્ડ પબ્લિકેશન્સે કર્યું. એ પછી 'જિન્દગી કા સફર-૨ સ્વતંત્ર ભારત કી રાજનીતિ કા સંક્રમણકાલ'નું પ્રકાશન એ જ વર્ષમાં એ જ પ્રકાશકે કર્યું. પ્રો.મધોકની આત્મકથાના તૃતીય ખંડ 'જિન્દગી કા સફર-૩ દીનદયાલ ઉપાધ્યાય કી હત્યા સે ઈન્દિરા ગાંધી કી હત્યા તક'નું પ્રકાશન છેક ૨૦૦૩માં દિલ્હીના દિનમાન પ્રકાશને કર્યું. એમાં રજૂ થયેલી વિસ્ફોટક અને જોખમી કહી શકાય એવી વિગતો છતાં પ્રો.મધોક સામે કોઈએ બદનક્ષીનો દાવો કર્યો નથી અને એમની આત્મકથાના ત્રણેય ભાગ અમે વર્ષ ૨૦૧૪માં દિલ્હીથી સરળતાથી ખરીદવામાં સફળ રહ્યા છીએ.

પંડિત દીનદયાળની હત્યાના કાવતરા પરથી પ્રો .બલરાજ મધોક પોતાની આત્મકથામાં પરદો ઊંચકે છે. ઘટનાઓની વિગતોની છણાવટ કરીને પ્રો.મધોક સમગ્ર પ્રકરણ સાથે દીનદયાળના અનુગામી એટલે કે જનસંઘના અધ્યક્ષ બનેલા તેમ જ ભાજપના શીર્ષસ્થ નેતા અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક એવા દેશના વડપ્રધાન રહેલા અટલ બિહારી વાજપેયી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક અને જનસંઘ તેમજ જનતા પાર્ટીના મહામંત્રી અને સાંસદ રહેલા નાનાજી દેશમુખ ઉપરાંત સંઘના તૃતીય સરસંઘચાલક રહેલા બાળાસાહેબ દેવરસનાં નામ કાવતરા સાથે જોડે છે. વર્ષ ૨૦૦૩માં પ્રકાશિત અને અત્યારે બજારમાં ઉપલબ્ધ પ્રો.બલરાજ મધોકની આત્મકથાના તૃતીયખંડમાં જ નહીં, જૂન ૨૦૦૯માં 'હિંદુસ્તાન ટાઈમ્સ'ના પંકજ વહોરા સાથેની મુલાકાતમાં વયોવૃદ્ધ પ્રો.મધોક સંઘ"ચારકોની આ ત્રિપુટીને બેનકાબ કરવાનું ચુકતા નથી. વાજપેયીના નેતૃત્વમાં કેન્દ્રમાં એનડીએ સરકાર વર્ષો સુધી રહી અને રાજ્યોમાં પણ ભાજપી સરકારો રહ્યા છતાં ના તો મધોકનો કોઈએ પ્રતિકાર કર્યો કે ના દીનદયાળની હત્યાનું રહસ્ય પ્રગટ થયું. આશ્ચર્ય એ જ વાતનું છે.

